# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-05-2025** **Day:** Friday **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી મોદી: કચ્છમાં સૌર ઉર્જા પ્રકલ્પનું લોકાર્પણ કરશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનથી કચ્છ જિલ્લો સૌર ઊર્જા ક્ષેત્રે એક મોટી ક્રાંતિનો સાક્ષી બનવા જઈ રહ્યો છે, આગામી 26 મેના ભુજ ખાતેથી અનેક મહત્ત્વપૂર્ણ સૌર ઊર્જા પ્રોજેક્ટ્સનું પ્રધાનમંત્રીના હસ્તે લોકાર્પણ થવા જઈ રહ્યું છે, જે રાજ્યની ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવશે અને સ્થાનિક અર્થતંત્રને વેગ આપશે. પ્રધાનમંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવનારા પ્રકલ્પોમાં કચ્છ જિલ્લાના બે મુખ્ય પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, જેમાં ભચાઉના લાકડિયા ખાતે રૂ. 209 કરોડના ખર્ચે 35 મેગાવોટનો સોલાર પ્રોજેક્ટ તેમજ નખત્રાણાના મંજલ ખાતે રૂ. 59 કરોડના ખર્ચે 10 મેગાવોટનો સોલાર પ્રોજેક્ટ સામેલ છે. આ પ્રોજેક્ટથી ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી ઉપલબ્ધ થશે અને તેમને તેમજ અન્ય વીજ ગ્રાહકોને સસ્તા દરે વીજળી ઉપલબ્ધ થશે, સાથે સ્થાનિક રોજગારીનું પણ સર્જન થશે. ઉલ્લેખનીય છે કે, ભુજ ખાતે તા. 26 મેના ભુજ-મિરજાપર રોડ પર યોજાનારા કાર્યક્રમમાં પ્રધાનમંત્રી રૂ. 52 હજાર 953 કરોડના કુલ 31 વિકાસકામોની ગુજરાતને ભેટ આપશે.

-------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી કાર્યક્રમ: રસ્તા ડાયવર્ટ

પ્રધાનમંત્રીના ભુજ ખાતેના કાર્યક્રમના અનુસંધાને કલેક્ટરે જાહેરનામું બહાર પાડી રસ્તાઓ ડાયવર્ટ કર્યા છે. 26મેના બપોરે 1થી સાંજે 7 વાગ્યા સુધી 36 ક્વાર્ટર ત્રણ રસ્તાથી એરપોર્ટ ત્રણ રસ્તા, કોડકી ચાર રસ્તા, ત્રિમંદિર, પ્રિન્સ રેસીડેન્સી રસ્તાથી ભગવતી ચાર રસ્તા સુધી તમામ વાહનો અવર-જવર કરી શકશે નહીં. ભુજમાં પ્રવેશ કરનારા વાહન ચાલકો મિરજાપર ગામના બે નંબરના ગેટથી પ્રવેશ કરી ગૌશાળા થઇ મુન્દ્રા રોડ પર આવી ચંગલેશ્વર મહાદેવ

થઇને રિલાયન્સ સર્કલથી પ્રવેશ કરી શકશે.. ભચાઉ, ગાંધીધામ તરફથી આવતા વાહનો ગાંધીધામથી મુન્દ્રા જઇ શકશે. નખત્રાણા, નલિયા, માતાના મઢ તરફથી આવતા ભારે વાહનો માનકુવાથી મુન્દ્રા જઇ શકશે.

------------------------------------------------------------------------------------

## જીવન પ્રમાણપત્ર: પોસ્ટ કચેરી

કચ્છના વડીલોને હવે હયાતીના પ્રમાણપત્ર એટલે કે, જીવન પ્રમાણપત્ર માટે પોસ્ટ કચેરીએ જવું નહીં પડે અને પોસ્ટ કર્મચારીઓ સંબંધિત વડીલોના ઘરે જઇને 31 જુલાઇ સુધી વિનામૂલ્યે જીવનપ્રમાણપત્ર બનાવી આપશે.. સૌરાષ્ટ્ર-કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે, ગુજરાત સરકારના નાણાં વિભાગ અને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક વચ્ચેના એમઓયુ અંતર્ગત પેન્શનરોને ડિજિટલ જીવન પ્રમાણપત્રની સુવિધા ડાકઘરો, અથવા તો તેમના ઘરમાં મફતમાં ઉપલબ્ધ કરાઇ છે. આ સેવાનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉપાડશે. આ સેવા નેશનલ ઇન્ફર્મેટિક્સ સેન્ટર દ્વારા વિકસિત 'જીવન પ્રમાણ' એપ્લિકેશન દ્વારા ઉપલબ્ધ કરાઇ છે. પોસ્ટ ઓફિસ કાઉન્ટર ઉપરાંત પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકોના માધ્યમથી આ સેવા 31 જુલાઈ સુધી મફતમાં અપાશે..

------------------------------------------------------------------------------------

## વિશ્વ કાચબા દિવસ

આજે વિશ્વ કાચબા દિવસ છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ દરિયાઇ કાચબા અને જમીન પર રહેતા કાચબા વિશે જાગૃતિ ફેલાવવી અને તેમની પ્રજાતિઓની રક્ષા માટે લોકોમાં જાગૃતિ લાવવી છે.. કચ્છના માંડવી તાલુકાના બાડા ગામના દરિયાઈ વિસ્તારમાં ઓલિવ રીડલી સી ટર્ટલ મોટી સંખ્યામાં જોવા મળે છે. અને કચ્છનું બાડા ગામ કાચબાઓના મોસાળ તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે માદા કાચબા અહીં ઇંડા આપવા માટે આવે છે. જેનું રક્ષણ અહીંના વન વિભાગના કર્મચારીઓ, સ્થાનિક લોકો અને માછીમારો કરતા હોય છે.

------------------------------------------------------------------------------------

## પ્રાંથળિયા આહિર સમાજ લગ્ન

વર્ષો જૂની પરંપરા અનુસાર પ્રાંથળિયા આહિર સમાજમાં દર વર્ષે અંધારી તેરસના લગ્ન લેવાય છે. આ વર્ષે વૈશાખ વદ તેરસના 1000 જેટલા લગ્ન લેવાશે જેમાં. લોડાઇમાં 333, નખત્રાણામાં 97, રતનાલમાં 225, લાખાપરમાં 55, ચોબારીમાં 125, ખડીરમાં 51, કાંઠા ચોવીસીમાં 136 આ કુલ 1000 જેટલા લગ્નનુ આયોજન છે.

-------------------------------------------------------------------------------------

## માંડવી નગરપાલિકા: કંટ્રોલરૂમ

માંડવી નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી માટે 1 જૂનથી કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવશે. આ કંટ્રોલ રૂમ 24 કલાક કાર્યરત રહેશે. વરસાદ માપવા માટે રેનગેજ ઇલેક્ટ્રોનિક ઉપકરણ લગાવાયું છે. ઉપકરણ દ્વારા વરસાદનો ડેટા રેકોર્ડ થશે. . કંટ્રોલ રૂમનો સંપર્ક નંબર 02834-223010 છે. ચોમાસા દરમિયાન વૃક્ષો કે ઈમારતો ધરાશાયી થાય તો નાગરિકો આ નંબર પર સંપર્ક કરી શકશે.. માંડવી તાલુકાનો કંટ્રોલરૂમ 24 કલાક મામલતદાર કચેરીએ કાર્યરત કરવામાં આવ્યું છે, જેના માટે 02834-222711 નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

-------------------------------------------------------------------------------------

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે. લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800, નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફોરમના માધ્યમથી મોકલી શકે છે. મંતવ્ય અને વિચાર સ્વીકારવાનો આજે અંતિમ દિવસ છે.

-------------------------------------------------------------------------------------